PL-001-001628 Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**July – 2018**

## Gujarati : Paper - 22

*(ગુજરાતી વ્યાકરણ, સાહિત્ય સર્જન-લેખન-કૌશલ - ૬)*

**Faculty Code : 001**

**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પાંચ પ્રશ્નો આપેલા છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો : **૧૪**

**રસ્તા વસંતના**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના !

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોનાં લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના !

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના !

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના !

ઊડી રહ્યાં છે યાદના અબીલ ને ગુલાલ
હૈયે થયાં છે આજ તો છાંટા વસંતના !

ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના !

**- મનોજ ખંડેરિયા**

**અથવા**

**જૂનું તો થયું રે દેવળ**

જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું;
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખુ તો રહી. - મારો.

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પીંજર પડી રે રહ્યું. - મારો.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં. - મારો.

- **મીરાંબાઈ**

૨ સાંપ્રત સમયે મધ્યકાલીન સાહિત્યના સંશોધન-સંપાદનમાં થતી સમસ્યાઓની વિગતે છણાવટ કરો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધક-સંપાદકમાં હોવી જોઈતી વિશેષ યોગ્યતા વિશે તમારું મંતવ્ય વિસ્તારથી સ્પષ્ટ કરો. ૧૪

૩ જોડણી ભેદથી થતા અર્થભેદ સમજાવી સાત ઉદા. આપો. ૧૪

**અથવા**

૩ જોડણી એટલે શું ? વિગતે ચર્ચા કરો. ૧૪

૪ સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ એટલે શું ? સર્જનાત્મક લેખન અંગે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ ? ૧૪

**અથવા**

૪ તમારી સંસ્થામાં યોજાઈ ગયેલ થેલેસેમિયા કેમ્પના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ બેનાં જવાબ આપો : ૧૪

(અ) ગુજરાતી લેખનમાં સંધિ એટલે શું ? તે વિગતે સમજાવો.

(બ) સ્વરસંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(ક) વિસર્ગસંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(ડ) વ્યંજનસંધિ સ્પષ્ટ કરી પાંચ ઉદાહરણ આપો.